# અ. ભા. નાગર પરિષદ, જૂનાગઢ

સંસ્થા અને જ્ઞાતિબંધુઓ દ્વારા તા. ૫/૯/૧૪થી ૧૩/૯ સુધી હરિદ્વાર, મસુરી, દહેરાદૂનના પ્રવાસનું આયોજન થઈ ગયું. ઘર જેવી રહેવા જમવાની વ્યવસ્થા આયોજન ભવજીતભાઇ વસાવડાએ કરી હતી જેને સૌએ નવાજી હતી. અમદાવાદમાં રાગુબેન રાણાએ સૌને ગાંઠીયા જલેબીનો નાસ્તો કરાવેલ તો પ્રવાસીઓના સવારના ભોજનની પાર્સલ વ્યવસ્થા મહેસાણા સ્થિત ડો. ઉપેન્દ્રભાઇ વસાવડાએ સંભાળી હતી. આશ્રમો તથા અન્ય જોવાલાયક સ્થળોની મુલાકાત તથા કુદરતી વાતાવરણમાં સૌએ ગંગાસ્નાનનો લાભ લીધો હતો. આ પ્રવાસમાંથી પરત ફર્યા બાદ પ્રવાસીઓનું'ગેટ ટુ ગેધર' રાખવામાં આવેલ. પ્રવાસની યાદગીરી રૂપે હેન્ડબેગ ભેટ આપવામાં આવી હતી. આનંદને વાગોળતાં સાથે ભોજન લઈ સૌ છૂટા પડયા હતા.

બીજો પ્રવાસ તા. ૨૨/૧૧/૧૪ના રોજ દ્વારકાનો યોજવામાં આવ્યો. ટ્રેન દ્વારા દ્વારકા પહોંચી દ્વારકાધીશજીના દર્શન કરી નાગેશ્વરની મુલાકાત લીધી હતી.

બંને પ્રવાસ સફળ બનાવવામાં પ્રમુખશ્રી પૂર્ણિમાબેન માંકડ, મંત્રી ભાવનાબેન વૈશ્નવ, ભવજીત ભાઇ વસાવડા, જીતુભાઇ ઝાલા, ભાવનાબેન કે. વૈશ્નવ, ધર્મિષ્ઠાબેન વસાવડાએ જહેમત લીધી હતી.

# ધી નાગર જીમખાના, ભાવનગર

સંસ્થાના ઉપક્રમે દિપોત્સવ–૧૪ અંતર્ગત પ્રતિ વર્ષ મુજબ શરદપૂનમના ગરબા, ઇન્ડોર ગેમ્સ ચેસ, કેરમ, ન્યુઝ રીડીંગ, નિબંધ સ્પર્ધા શ્લોક ગાન, ચિત્ર, રંગોળી, વાનગી સ્પર્ધા, પ્રશ્નમંચ, આરતી થાળી શણગાર, સ્વર વૈભવ અંતાક્ષરી, બાળકો માટે વેશભૂષા વગેરેનું આયોજન હરિનાગર નિવાસ ખાતે કરવામાં આવ્યું હતું.

તા. ૨૧/૧૦ ધનતેરસના રોજ યશવંતરાય નાટયગૃહ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધાત્મક કાર્યક્રમની સાથે 'શ્રી ગોઘા ભાવનગર નાગર જ્ઞાતિ હિતાર્થ ફંડ'ના શતાબ્દિ વર્ષની ઉજવણી નિમિત્તે તા. ૧૮/૧૧ના રોજ હરિનાગર નિવાસ ખાતે શ્રી ચેતનભાઇ સત્યેન્દ્રભાઇ મજમુદાર (પ્રેસીડેન્ટ કલેરીસ અમદાવાદ અને સીઇઓ ઇન્જેકટેબલ કલેરીસ) તથા શ્રી ધવલભાઇ આસુતોષભાઇ ઓઝા (સિનિયર વી.પી.–બીઝનેસ હેડ એચ.ડી.પી. ફાય. સર્વિસીસ લિ. અમદાવાદ)ના અતિથિવિશેષ પદે જ્ઞાતિના ધો. ૮ થી અનુસ્નાતકના વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવામાં આવેલ.

તા. ૨૪/૧૦ના રોજ નાગર જીમખાના દ્વારા નૂતન વર્ષ સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું.. જેમાં શૈક્ષણિક પારિતોષીક વિતરણ તથા દિપોત્સવ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. દરેક કાર્યક્રમમાં જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

નાગર જીમખાનાના ઉપક્રમે તા. ૧૫/૧૬ નવેમ્બરના રોજ ભરૂચા કલબ ભાવનગર ખાતે દક્ષેષ મહેતા અને પ્રતિત મહેતાના સ્મર્ણાર્થે ડી એન્ડ પી. ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાય ગઇ. જેમાં ભાવનગર, વડોદરા, અમદાવાદ અને મુંબઇની ટીમોએ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટના સૌથી નાના ખેલાડી મહેક દેસાઇ તથા બીલ્વ ઓઝા હતા. ફાઇનલમાં રનર્સ કપ ભાવનગર જીમખાનાને અને ચેમ્પીયન કપ અમદાવાદની ટીમને ફાળે ગયેલ.

## સ. ના. સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ

સંસ્થા દ્વારા તા. ૨૮/૧૨ના રોજ નાગર બોર્ડિંગ ખાતે એક.કે.જી.થી ધો. ૧૨ સુધીના વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવાનો કાર્યક્રમ પ્રા. મેધાબેન મહેતાના અતિથિવિશેષ પદે યોજાય ગયો. કાર્યક્રમની શરૂઆત કુ. આરોહી અજય વૈદ્યની પ્રાર્થનાથી થયા બાદ ટ્રસ્ટના પ્રમુખશ્રી મકરન્દભાઇ વોરાએ સ્વાગત પ્રવચનમાં સંસ્થાની પ્રવૃત્તિઓની માહિતી આપી સેવાયજ્ઞમાં અનુદાન આપવા અપીલ કરી હતી. ડો. મેધાબેને ટ્રસ્ટની સેવાપ્રવૃતિઓને બિરદાવી, વિદ્યાર્થીઓએ કયો-કેવો અભ્યાસક્રમ પસંદ કરવો તેની વિસ્તૃત સમજણ આપી આપી હતી. તેઓના હસ્તે ૮૫ તેજસ્વી બાળકોને ઇનામ વિતરણ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતભાગમાં એડવોકેટ શ્રી દિપકભાઇ અંતાણીએ સૌ વતી પ્રતિભાવમાં આપતાં જણાવ્યું કે બાળકોના ચહેરાનું સ્મિત જોઇને ટ્રસ્ટનો આ ઉત્તમ કાર્યક્રમ છે જે બિરદાવવા યોગ્ય છે. જેને ઉપસ્થિત સૌએ તાળીઓથી વધાવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સર્વશ્રી નલીનભાઇ વૈદ્ય, કિરીટભાઇ હાથી મધુકરભાઇ વૈશ્નવ,કામિનીબેન ઝાલા,જલેન્દુ જોષીપુરા તથા નવા વરાયેલા દેવાંગ મંકોડીએ જહેમત ઉઠાવી હતી.

---

## ભકતકવિ નરસિંહ મહેતા હારમાળા જયંતી-એક ચિંતનની દ્રષ્ટિએ

– મહેશ દેસાઇ-'પ્રેરણાંશુ', રાજકોટ

ચાલુ સાલ માગસર સુદ સાતમના રોજ સમગ્ર જ્ઞાતિએ ભકત કવિ નરસિંહ મહેતાની હારમાળા જયંતી શ્રધ્ધાપૂર્વક ઉજવી. એક વ્યકિત એટલે કે શ્રી મહેતાજીને ભગવાન શ્રીકૃષ્ણના વરદ હસ્તે પુષ્પહાર મળ્યો તો આ પ્રસંગ જેને કારણે થયો તે તે સમયની સમષ્ટિને હાર (પરાજય) મળી. હારમાળાના દિવસે સવારે એક મિત્રનો મને ફોન આવ્યો અને તેમણે કહયું..'હારમાળા પ્રસંગ તો આપણા સૌ માટે ગૌરવપ્રદ ગણાય કેમ ?' મેં કહયું..ચોકકસ. હારમાળાનો પ્રસંગ આપણા સૌ માટે તો ખરો જ પણ સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવપ્રદ ગણાય. મને તે મિત્રે ફરીથી પૂછયું..હારમાળાનો પ્રસંગ ખરેખર કયા કારણસર ઉપસ્થિત થયો હશે ? મેં કહયું : પ્રત્યેક પ્રસંગ પાછળ એક વિષાદ છૂપાયેલો હોય છે.. ગીતાના અઢાર અધ્યાયમાં પહેલો અધ્યાય વિષાદયોગ. વિષાદયોગને સમજ્યા વગર મોક્ષ સન્યાસને ન ચિંતવી શકાય.હારમાળાના પ્રસંગ પાછળ પણ એક વિષાદ ઝબકે છે. આપણે સૌ જાણીએ છીએ કે નરસિંહ મહેતાની કૃષ્ણ પ્રેમમાં પૂરેપૂરા ડૂબેલા હતા એમનું સમર્પણ શ્રીકૃષ્ણ ચરણ અને સર્વસ્વની કૃષ્ણ શરણ હતું. ભગવાન શ્રીકૃષ્ણના ગુણગાન તે અનેક રીતે કરતા. મહેતાજીએ ગોપી ભાવે શૃંગાર ગીતો લખ્યાં. ગોપી ભાવ એટલે જ સમર્પણભાવ અને નિષ્કામભાવ. નરસિંહ મહેતાની આ ગોપીલીલા તે વખતના રૂઢિચૂસ્ત નાગર સમાજ સહન ન કરી શકયો. નાતના આગેવાનોએ આ અંગેની ફરિયાદ રા'માંડલિકને કરી. માંડલિકથી આ સહન ના થઈ શકયું.એમણે ભકિત અને શકિતની કસોટી કરવા નરસિંહ મહેતાને કહયું કે જો ભગવાન શ્રીકૃષ્ણ તેના ગળાની પુષ્પમાળા ભકતને પહેરાવે તોજ તેની ભકિત સાચી ગણી શકાય, જો તેમ ન થાય તો દેહાંતદંડની સજા થશે તેમ કહયું. નરસિંહના નારાયણે આ વાત સ્વીકારી લીધી. ભકતને મધ્યરાત્રીએ કારાવાસમાં ગીરવે મૂકેલો કેદાર રાગ પહોંચાડી મહેતાજીને હાર પહેરાવી દીધો. આજે આપણે સૌ ગૌરવ લઇએ છીએ તે બરાબર છે પણ તે વખતના આપણા વડીલ આગેવાનોને અભિનંદન આપવા ઘટે કે નરસિંહ મહેતાને ભગવાન પર સંપૂર્ણ વિશ્વાસ હતો અને એટલેજ કહેવાયું છે કે- 'જ્યાં વિશ્વાસ ત્યાં વિશ્વંભર'. આજે પણ જૂનાગઢ શહેરના માર્ગ પર વેરાયેલા હારમાળાના પુષ્પો એજ વાત કહેતા હશે !

# નાગરોએ 'બાયહાર્ટ' વિચારવા જેવું..

આપણી નાગર જ્ઞાતિ સંસ્કારી, શિક્ષિત અને સમાજમાં અન્ય જ્ઞાતિની સરખામણીએ આગવું સ્થાન ધરાવે છે. એનું કારણ એ છે કે આપણે નવી બાબતો,નવી આધુનિકતાઓ આપણે ઝડપથી અપનાવીએ છીએ.આપણી જ્ઞાતિમાં પહેલા છોકરા છોકરીઓમાં સમાનતાની ભાવના પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આપણે દહેજ પ્રથા જેવી કુરીવાજોથી દુર છીએ. કંકુ–કન્યા સહજ સ્વીકારી લઈએ છીએ.

સાંસ્કૃતિક પ્રવૃતિઓ જેવી કે નાટક, ગરબા, રમત ગમત, કલા, સંગીત, અભિનયક્ષેત્ર, સાહિત્ય ક્ષેત્ર વગેરે આપણી ધરોહર રહેલી છે. નાગરોની રમૂજ વૃતિ આપણો સ્પિરીટ વીલ પાવર અને બીજાને નુકશાન ન પહોંચડવાની વૃતિ,નિષ્ઠા સાથે કામ કરવાની વૃતિ, હકક અને ફરજ પ્રત્યે સભાનતાને લીધે આજે પણ કોઈ એમ કહે કે "હું નાગર છું." તો સામેની વ્યકિત આદરપૂર્વક આપણી સામે જુએ. આ બધી બાબતો નાગરોએ ગૌરવ લેવા જેવી બાબતો છે. આપણને ચંદ્રકાન્ત બક્ષીએ મહાજાતિ ગુજરાતીમાં પહેલો લેખ લખીને આપણી જ્ઞાતિને આદર–માન આપેલ છે. તે આપણી જ્ઞાતિ માટે ગૌરવ લેવા જેવી બાબત છે. તેઓએ નાગર જ્ઞાતિ માટે ગુજરાતની મહાજાતિઓમાં નાગર જ્ઞાતિ વિશે ૮૦ ટકા પ્લસ પોઈન્ટ અને ૨૦ ટકા માઈનેસ પોઈન્ટ બતાવેલ છે.આ વાત તો થઈ આપણી સારી બાજુની. તેની સામે નાગરોમાંઅંદરોઅંદર સ્માર્ટનેસ વાપરવાની જે ટેવ છે તેને નકારી શકીએ તેમ નથી. આપણે ૮૦ ટકા નાગરો અરસ પરસ ઉપયોગી થવાને બદલે એકબીજાના ટાંટિયા ખેંચવામાં વધારે રસ ધરાવતા હોય છે. આજની આપણી જ્ઞાતિ સંસ્થાઓ પણ જ્ઞાતિ એકતા વધે એવી પ્રવૃતિ વિકસાવવાને બદલે અન્ય પેટા જ્ઞાતિ (નાગરોની) ને ઉતારી પાડવાની કોશિષ કરતા રહે છે. જે આજના જમાનામાંજરાપણ યોગ્ય નથી. આપણે જયારે એમ કહીએ છીએ કે આપણે શિક્ષિત છીએ તો શું આપણે આપણા શિક્ષણનો સાચો ઉપયોગ કર્યો છે ? આપણે વડનગરા, પ્રશ્નોરા, વીસનગરા, વગેરે પેટા જ્ઞાતિઓમાં વહેંચાઈ ગયેલા છીએ. એમાંજ આપણે ઓતપ્રોત રહીએ છીએ. કોઈ પોતાને નાગર તરીકે નથી જોતો. વડનગરા નાગરમાં પણ આપણે એવુંવિચારીએ છીએ કે, અમે ભાવનગરાના, અમે જુનાગઢના, અમે જામનગરના, અમે ભુજના છીએ. જે ઓળખ આપવા પૂરતું યોગ્ય છે, પણ એમાં પણ એકબીજાની ટીકાઓ વધારે છે.

નાગરોના ઈષ્ટદેવ શ્રી હાટકેશ્વર મહાદેવ છે...મહાદેવનો ગુણ છે કે 'સૌને' એક સમાન દ્રષ્ટિથી જોવા. પછી ભલે તે 'દેવ હોય કે દાનવ'. શું આપણે એવી મહાદેવ જેવી દ્રષ્ટિ એક ટકો પણ કેળવી શકયા છીએ? નાગરો અંદરોઅંદરની જે 'સ્માર્ટનેસ' વાપરે છે, દેખાડે છે તે વાતને છુપાવવા માટે એવું કહીને ગૌરવ લે છે કે 'સિંહના ટોળાં ન હોય'' 'ડીસ્કવરી અને નેશનલ જયોગ્રોફી' જેવી ચેનલોમાં આપણે જોશું તો આપણને ખ્યાલ આવે છે કે હંમેશા ચાર–પાંચ સિંહ ભેગા થઈને શિકાર કરે છે પછી ભેગા થઈ તેનું મારણ કરે છે. અંદરો અંદરની લડાઈમાં કૃષ્ણ જેવા યદુવંશીઓનો અંત આવી ગયો તો આપણી તો શી વિસાત છે?

આપણી જ્ઞાતિ સંસ્થાઓ બંધારણમાં દર્શાવેલ નિયમ અનુસાર કાર્યો કરતા જ હોય છે, જ્ઞાતિ સંસ્થાઓમાં જે લોકો વર્ષોથી કામ કરે છે, સેવા આપે છે, તેમણે નવા લોકોને અને ખાસ કરીને યુવા લોકોને પ્રોત્સાહિત કરવા કઈ રીતે વહીવટ કરવો, કાર્યક્રમનું સંચાલન કઈ રીતે કરવું, બંધારણને લક્ષમાં રાખી કયા કાર્યક્રમોનું આયોજન કરવું તે અંગેનું અવાર–નવાર સેમીનાર યોજીને માર્ગદર્શન આપવું જોઈએ. આવા કાર્યો દ્વારા નવી ટીમ તૈયાર કરવી જોઈએ, આમ કરવાથી જ્ઞાતિ સંસ્થાઓ અને જ્ઞાતિજનો વધુ નજીક આવશે.

સહકારી મંડળી બનાવી શકાય જેમાં સંસ્થા ઓછી આવક ધરાવતા લોકોને મદદરૂપ થઈ શકે અને બધાને સારી અને પ્રમાણમાં સસ્તી ચીજ વસ્તુ મળી શકે. પ્રવર્તમાન સમયમાં જે કાયદાઓ લોકોમાં ઓછા જાણીતા છે એવા કાયદાઓની જ્ઞાતિના નિષ્ણાત વકીલો દ્વારા માહિતી આપવા વ્યવસ્થા કરી માહિતી અધિકારનો કાયદો, તકરાર નિવારણનો કાયદો, ગ્રાહક સુરક્ષાને લગતા કાયદા વિશે જાણકારી આપવાથી સમાજમાં–જ્ઞાતિમાં જાગૃતિ આવશે. દક્ષિણના રાજયોમાં ખાસ કરીને કેરળ, આંધ્રપ્રદેશ વગેરેમાં જનમૈત્રી, મહોલ્લાસભા, ગ્રામ સભા વગેરેનું સરસ આયોજન કરવામાં આવે છે. જો આ પ્રકારનું સારૂં વાતાવરણ થાય તો ગુજરાત રાજયના વિકાસમાં નાગર જ્ઞાતિએ પણ કંઈક કર્યુ છે, યોગદાન આપ્યું છે, એવું ગૌરવ લઈ શકીએ. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી અધિકારીઓને આમંત્રિત કરી તેમની પાસેથી ઉદ્યોગો અને તાલીમના પ્રસંગોપાત સેમિનાર યોજવા જોઈએ જેથી આપણું યુવાધન ઉદ્યોગ–ધંધા કરી શકે. અત્યારની સરકારી પરીક્ષાઓ જેવી કે બેંક,રેલ્વે, જીપીએસસી જેવી પરીક્ષા અંગે માહિતી મેળવી આપણા યુવાનોને આવી વિશિષ્ટ તાલીમ માટે તૈયાર કરવા જોઈએ. જેથી હવે આવનારી પેઢીને અત્યારની પેઢી જે મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરી રહી છે અને સરકારી નોકરી નથી મળતી અને બેકારીનો સામનો કરવો પડે છે તેની સામે સ્વતંત્ર રીતે પોતાનો ધંધો રોજગાર કરી શકે અને પગભર થઈ શકે. જેથી આવનારી પેઢી માટે આપણે યોગ્ય પ્લેટફોર્મ તૈયાર કર્યુ છે એવું આજની/હાલની પેઢી ગૌરવ લઈ શકે. સારી વ્યકિતઓ ભેગી થઈને સારી સંસ્થાઓનું સર્જન કરી શકે છે,સારી જ્ઞાતિ સંસ્થાઓ દ્વારા સારા સમાજનું સર્જન થાય છે અને સારો સમાજ સારા રાષ્ટ્ર નિર્માણ કરી શકે છે. આપણા યુવાનોને રાજકારણમાં લશ્કરમાં જવા તૈયાર કરવા જોઈએ. તેમને માટે નવી દિશાઓ ખોલવી જોઈએ. જ્ઞાતિ સંસ્થાઓએ મરણ, હોસ્પિટલમાં દાખલ દર્દીની માહિતી મળી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ જેથી સંસ્થાના કાર્યકર્તાઓ મદદરૂપ થઈ શકે. શકય હોય ત્યાં આર્થિક સહાય પણ આપી શકે. લોકોએ પણ સંસ્થાની ટીકા કર્યા વગર પોતાના નાના મોટા 'પ્રોબ્લેમનું સોલ્યુશન' ન થયું હોય તો પણ મોટું મન રાખી સંસ્થાના કાર્યમાં રસ કેળવવો જોઈએ. કયાંક આવું વાંચવામાં આવેલ છે કે " દુર્જનોની સક્રીયતા કરતાં સજ્જનોની નિષ્ક્રીયતા સમાજને વધુ નુકશાન પહોંચાડે છે".

હાલના સમયમાં મહિલા સશકિતકરણની વાતો થાય છે, ઝુંબેશ પણ ચાલે છે. જ્ઞાતિ સંસ્થાઓ પણ મહિલાઓને લગતી સમસ્યાઓનાં નિરાકરણ માટે સ્વરક્ષણ, સ્વબચાવ પોતે જાતે કરી શકે તે માટે કરાટે તાલીમ, હોમગાર્ડ જેવી તાલીમ આપી યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. આજકાલ લગ્નજીવન બહુ ઝડપથી તૂટતાં જાય છે, છુટાછેડાનું પ્રમાણ વધતું જાય છે. હવે સગપણ–વેવિશાળ પણ તૂટતાં જાય છે. આવી બાબતો પર સામાજીક, કુટુંબ વ્યવસ્થા વગેરે બાબતો પર મહિલા મંડળો સારી રીતે માર્ગદર્શન આપી શકે. બહુ ઝડપથી બદલાતા સંજોગો, પરિસ્થિતિ અને બદલાતાં સમયની માંગ અનુસાર બંધારણમાં સુધારા કરવાની આવશ્યકતા જણાય તો સુધારા કરવા જોઈએ. મહિલાઓને પણ જ્ઞાતિ સંસ્થામાં સ્થાન આપવું જોઈએ....આ બધું જેટલું લખવું સહેલુ છે એટલું વ્યવહારમાં– પ્રેકટીકલી– સહેલું નથી. પરંતુ સૌ સાથે મળીને સાચા હૃદયપૂર્વક પ્રયત્ન કરીએ તો અશકય પણ નથી. આ બાબતે ફિલ્મ 'મૈ આઝાદ હું' નું ગીત 'કિતને બાજુ, કિતને સર, ગિન લે દુશ્મન ધ્યાનસે, હારેગા વો હર બાઝી ખેલે હમ જી જાનસે' ઘણું કહી જાય છે. આપણા સહિયારા પ્રયાસથી સ્વસ્થ,પ્રામાણિક અને સુંદર રાષ્ટ્રનું નિર્માણ કરી આપણે આપણી આવનારી પેઢીને 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' થી સભર ઉત્તમ ભારતની ભેટ આપી શકીશું.

હાર્દિક શુભકામના સહ જય હાટકેશ. – વૈભવ પ્રશાંતવદન વોરા,ભાવનગર, (૨૫૧૭૦૯૧)

# સમાચાર સંચય

☆ રાજકોટ : આદિત વિશાલ અવાશિયા(ઉ. વ. ૭) ઓપન રાજકોટ કાન-ગોપી સ્પર્ધામાં સતત બીજે વર્ષે વિજેતા બની પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કાર મેળવ્યા.

☆ ખુશાલી ઉત્કલ વૈશ્નવે CAIIB માં નાની વયે પ્રથમ પ્રયત્ને સફળતા મેળવી.

☆ અત્રેથી પ્રકાશિત થતાં સાપ્તાહિક પત્ર કાઠિયાવાડ એકસપ્રેસમાં જસમીનભાઇ જે. દેસાઇ લિખીત 'દર્પણ 'લેખમાળાના ૧૦૦ મણકા(લેખ) તા. ૨૩/૧૨ના રોજ પૂરા થયા. આ બે વર્ષ દરમ્યાન તેઓએ સામાજિક, આર્થિક, સમાજ અને જીવનલક્ષી આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવાતા દિવસો વગેરે અનેક વિષયો ઉપર આલેખન કર્યું છે.

☆ જોધપુર (રાજસ્થાન) : અત્રેના શ્રી યોગેન્દ્ર કંચનરાય સ્વાદિયાના પુત્ર સરદાર પટેલ યુનિ. વલ્લભ વિદ્યાનગર ખાતે આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયા.

☆ વડોદરા : શ્રી નાગર મંડળ આયોજિત નિબંધ સ્પર્ધામાં રત્ના કાર્તિક વસાવડાએ ભાગ લઇ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

☆ શ્રીમતી રેણુકા તથા કુમારકાન્ત બુચ,પુત્રો જવલંત-તારક સપરિવાર -૫ ડીગ્રી  કાતીલ ઠંડીમાં રોમાંચક – કુદરતી જન્નત કાશ્મીરના પ્રવાસમાં  શ્રીનગર, ગુલમર્ગ, સોનમર્ગ,પહેલગામ જઈ આવ્યા.

☆ અમદાવાદ : અત્રેના 'ઇસરો'ના વૈજ્ઞાનિક દેવાંગ માંકડના પુત્ર નેહાંશએ અલોહા મેન્ટલ મેથ્સ લેવલ આઠ (અંતિમ)માં સુરત ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની હરીફાઇમાં પ્રથમ અનર અપ વિજેતા ઘોષિત થયા. અગાઉ તેમણે રાજકોટ, અમદાવાદ ખાતેની રાજ્યકક્ષાની તથા ચેન્નઇ ખાતેની રાષ્ટ્રીય કક્ષાની હરીફાઇઓ માં વિવિધ લેવલે વિજેતાપદ પ્રાપ્ત કરેલ છે.

☆ જામનગર : ઇટીવી ગુજરાતી પરથી રજૂ થતા કાર્યક્રમ 'ફલેવર્સ ઓફ ગુજરાત'માં સોનલ નાણાવટી પર રેકોર્ડીંગ કરવામાં આવ્યું.જેના સેમીફાઇનલમાં ૧૦૦થી વધુ ગૃહિણીઓએ ભાગ લીધો હતો.તેઓએ સાંધ્ય દૈનિક 'આજકાલ' દ્વારા આયોજિત નવરાત્રિ ઉત્સવમાં નિર્ણાયક તરીકે સેવા આપી.

☆ જૂનાગઢ : કુંજલ જતન માંકડે ઇટીવી ગુજરાતી પ્રસ્તુત ફલેવર્સ ઓફ ગુજરાતમાં ભાગ લઇ સીતાફળ બાસુંદી અને મીકસ પંજાબી કઠોળ બનાવ્યાં. જે બદલ પ્રમાણપત્ર સાથે ઇનામ મેળવ્યું.

☆ અત્રે જ્ઞાતિ અને સમાજસેવામાં કાર્યરત નાગર ફ્રેન્ઝ કલબ પરિવાર તરફથી તા. ૩/૧ થી ૧૦/૧/૧૫ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર, જવાહર રોડ, હેઠાણ ફળીયા ખાતે શાસ્ત્રીશ્રી કૃષ્ણકાન્તભાઇ ત્રિવેદીના આચાર્ય પદે શ્રી શિવપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. સૌને લાભ લેવા આમંત્રણ છે.

☆ અત્રેનાં નિવૃત્ત અધિકારી સુ શ્રી જાગૃતિબેન ખારોડના સદ્‌ગત માતુશ્રી પુષ્પાબેન ચંન્દ્રમુખરાય ખારોડની પૂણ્યતિથિ નિમિત્તે મયારામદાસજી આશ્રમનાં બાળકોને રમતગમતનાં સાધનો આપી સ્તુત્ય દાન આપ્યું.

☆ મહુવા : ઓકટોબરમાં યોજાયેલ મહુવા નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં શ્રી હરેશભાઇ નટુભાઇ મહેતાએ મુખ્ય ચૂટણી અધિકારી તરીકે કામગીરી બજાવી હતી, જ્યારે શ્રી અતુલ એન મહેતા તથા કુ. દેવાંગી એચ. મહેતા ચૂટણીની સમગ્ર કામગીરીમાં જોડાયેલ.

☆ દિવાળીના રોજ હાટકેશ્વર મંદિર ખાતે અત્રેના જ્ઞાતિજનોનું સ્નેહમિલન યોજાય ગયું.

# લગ્ન વિષયક જાહેરાત

નોંધ : બરછીમાં લગ્ન વિષયક જાહેરાત આપવા માટે આપે સંતાનનો બાયોડેટા(નામ,અભ્યાસ, ઉંમર,ઉંચાઇ,વ્યવસાય, મંગળ હોય તો જ,ફોન -મો. નં. સરનામુ) લખીને કે કોમ્પ્યુટરાઇઝડ) કાર્યાલયે મોકલવાનો રહે છે. જે મળતાં બીજા માસના અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. જે વિના મૂલ્ય છે. બરછીના ગ્રાહક હોવું/થવું જરૂરી છે. ફોન નં. મેળવવા માટે ૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરશો. -તંત્રી

કન્યાઓ :

(૧) એમ.એ., બી.એડ., જ. ૮/૧૯૮૨, ઉં. ૫'.૩" શિક્ષીકા (ટીચર) તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક: ૦૨૮૧-

(૨) બી.એસસી., બી.એડ., એમ.એસસી.(ચાલુ) જ. ૧૨/૧૯૯૨, ઉં. ૫'.૪" કન્યાને યુવક. સંપર્ક : સુ'નગર મો.

(૩) બી.એસસી. વીથ ફેશન ડીઝાઇન, જ. ૬/૧૯૯૦, ઉં. ૪'.૮"કન્યાને યોગ્ય યુવક. સંપર્ક:૦૨૭૮-

(૪) ગતાંકના ૧૩નં. ફરીથી : બી.કોમ., એમબીએ.,(એચઆર) એલએલ.બી.(ચાલુ) જ. ૭/૧૯૮૯, તાતા કન્સલટન્સીમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક:૦૨૮૫-

(૫) એમ.એસ.સી.(આઇટી) સી.એ., જ. ૨/૧૯૮૮, ઉં. ૫'.૪" કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૨૪-(ધોરાજી)

(૬) એમ.કોમ., ઇન્ટર સીએ., એમબીએ. જ. ૧૧/૧૯૮૯, ઉં. ૪'.૮" પ્રા. ઓફીસમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક:૦૭૯-મો.

(૭) એમ.એસ.સી., બી.એડ., એમ.એડ. (ચાલુ) જ. ૧૨/૧૯૮૩, ઉં. ૪'.૧૧" સરકારી શાળામાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક:૦૨૭૮-

યુવકો :

(૮) બી.સી.એ., એમએસસી. (આઇટી), ઉં. ૫'.૮" કોમ્પ્યુટર લેકચરર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક:૦૭૯-

(૯) એમબીએ., એમ.એ., (પબ્લીક એડ.,સાયકો.,)એમ.એડ., પીએચ.ડી. (ચાલુ) જ. ૪/૧૯૮૧, ઉં. ૫'.૮" સ. પ. યુનિ. વલ્લભવિદ્યાનગર ખાતે આસી. પ્રોફેસર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક:૦૨૯૧-

(૧૦) એમ.ટેક., જ. ૧/૧૯૮૭ ઉં. ૫'.૧૧" સોફટવેર એન્જીનીયર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક:૦૨૮૧-

(૧૧) બી.ઇ., એમબીએ., જ. ૫/૧૯૮૮, ઉં. ૫'.૧૧" પ્રા. લી. કંપનીમાં આસી. મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક: મો.

(૧૨) એમબીએ., જ. ૧/૧૯૮૭, ઉં. ૫'.૮" પ્રા. લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. ૦૨૬૯૨-

(૧૩) બી.કોમ., એલએલ.બી., જ. ૮/૧૯૭૩ પ્રા. લી. કું.માં નોકરી કરતા યુવકને કન્યા. ૦૨૮૧-

## જોઈએ છે : કન્યા

યુવકનું નામ : વિહંગ જગદીશ માંકડ
જન્મ તારીખ : ૩૦ જૂલાઇ–૧૯૮૬
ઉંચાઇ : ૫'.૫"
વજન : ૫૮ કિ.
અભ્યાસ : બી.ઇ. (ઇસી)
વ્યવસાય : ઈન્ફોસીસ (પૂણે) હાલ લોંગબીચ કેલીફોર્નિઆ (યુએસએ.) બે વર્ષથી ડેપ્યુટેશન
પિતા : જગદીશ ભાનુપ્રસાદ માંકડ
માતા : દિપ્તી જગદીશ માંકડ
પસંદગી : સમકક્ષ, સંસ્કારી યુવતીના વાલીઓ ફોટા સાથે સંપર્ક સાધે.
સંપર્ક : ૦૨૬૫–૨૩૩૭૨૭૦
મો. ૯૫૫૮૮૧૯૦૫૧
મેઈલ : jbmankad@yahoo.co.in.

## ❖ મંગલ મેરેજ બ્યુરો ❖

e mail - mamtadhebar@yahoo.in
M. 090660 93321

વેલકમ–૨૦૧૫...નવા વર્ષમાં વધારે સેવા માટે અમે કટિબધ્ધ છીએ તે માટે અમારા email ID,WhatsApp,Mob.થી સંપર્ક કરો..

૧) Eng.MBAથી (કુલ ૭ યુવક) જ.૧૯૮૩ થી ૮૭
૨) BBA/MBA (૩ યુવક) જ. ૧૯૮૪–ગુજરાત
૩) MCA-MBA થી (૧ યુવક) જ. ૧૯૮૫–વડોદરા
૪) CA. (૨ યુવક) ઉં. ૬' જ. ૧૯૮૬/૮૭ –અમદાવાદ
૫) B.Com.MBA.થી (કુલ ૧૦ યુવક) MNC.માં જોબ (૧૯૮૪થી ૧૯૮૭)–ગુજરાત,મહારાષ્ટ્ર
૬) Dic.Eng. થી (૧) કચ્છ ભુજ

સગાઇના અભિનંદન : ઉજજવલ વૈદ્ય–ખ્યાતિ બુચ
રાજન શુકલ–અર્પિતા દવે

## ABM TRAVELS

**Honeymoon tours :**
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives//Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui
Mountain Resort
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh
**Wildlife Tours :**
Sasan Gir/Ranthanbore/Sarisca/Corbett/
Kaziranga/Kanha-Bandhavgarh/Madumalai
Bandipur/Coorg/Kabini
**Pilgrims :**
CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur
**Cruise tours :**
STAR cruise: MSC cruise Royal Caribbean : Coast a
**Booking of International destinations :**
SOTC # THOMAS COOK # COX & KING
STAR TOURS # NEEM Holidays # KESARI
**Avinash Mehta, Mumbai # 09820817318**
**abmtravels@gmail.com**

## શ્રી વાઘેશ્વરી હોમ સર્વિસીઝ

જાતના સ્પ્રે બેંગલોરની પ્રખ્યાત અદરેક ગરબત્તી તેમજ શિયાળાના વેસેલીન,શેમ્પુ ઘેર બેઠા મેળવવા સંપર્ક કરો : દેવાંગ શુકલ, સેતાવાડ, ગરબી ચોક, જામનગર.
મો. ૯૮૨૪૨૬૭૭૯૮
ફોન : ૦૨૮૮–૨૬૬૨૯૬૦

## MID BRAIN ACTIVATION

૪થી ૧૪ વર્ષના બાળકોને યાદશકિત, એકાગ્રતા, IQ વધારવા તેમજ જીદ્દીપણુ, ચીડિયાપણુ, ગુસ્સો દૂર કરવા 'મીડબ્રેઇન' એકટીવેશન વર્કશોપ યોજવા તેમજ આ માટેની ફ્રેન્ચાઇસી મેળવવા સંપર્ક કરો : બંદિશ દેસાઈ–બી–૪૫,સામ્રાજ્ય,અકોટા,વડોદરા.
મો. ૯૮૭૯૭૪૫૧૨૨

પ્રતિષ્ઠિત પોલીમર્સ બનાવતી રબ્બર એન્જીનીયરીંગ પાર્ટસ બનાવતી કંપનીને એક્સપોર્ટ તેમજ સ્થાનિક વેપારના માર્કેટીંગ તેમજ ડીસ્પેચ ને લગતા તમામ પત્રવ્યવહાર સ્વતંત્ર રીતે કરી શકે તેવા ફ્રેશ ફીમેલ ઉમેદવાર.
લાયકાત : માન્યતાપ્રાપ્ત સંસ્થા માંથી સંલગ્ન શૈક્ષણિક લાયકાત, પદવી. કોઈપણ કલા ક્ષેત્રે વિશેષ યોગ્યતા પ્રાપ્ત ઉમેદવારને પ્રથમ પસંદગી
વૈશાલી ઝા – ફોરમ પોલીમર્સ ઈન્ડસ્ટ્રીઝ
૩૧૦, નક્ષત્ર કોમ્પલેક્ષ, એચડીએફસી. બેંકની ઉપર, મણીનગર ચાર રસ્તા,
મણીનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૮.
સમય : ૧૧ થી ૬ સુધી
મો. ૯૮૨૫૦૩૫૧૧૪
લેન્ડલાઇન : ૦૭૯– ૨૫૪૬૫૧૧૪

Ashish Anjaria +91 98252 27607
+91 94297 89792

DREAM EXOTICA
DREAM....EXPLORE....ENJOOY

Contact for :
- Railway Booking
- Airline Booking
- Hotel Booking
- Cruise Booking
- Passport
- Visa Assistance
- Holiday Packages

Shop no 19,gr. floor, Dwarkesh Complex,
Sun Pharma Main Road,
Nr Satsang Party Plot,
Vadodara 390012 +91 265 2683067
Visit : www.dreamexotica.com



પરણે દિકરી વ્હાલી...
શરણાઈથી વિદાઈ સુધી...
Ahmedabad | Vadodara | Rajkot | Gandhidham

Concept Wedding Planner · DJ & Music · Food & Catering · Theme Decoration · Mehndi · Doli & Baggi · Dance Group Artist · LED Video Screen · Photo & Video Shooting

RAJKOT : 96248 89707/
BARODA : 98248 18080
KATCHH : 98245 14818 /
SURAT : 9979894919

UNLIMITED SOURCE
Making Dream Wedding Comes True

Unlimited Source
www.unlimitedsource.in
Gayatri Nagar 2, Hasanwadi, "Shri Ramkrupa" Rajkot - Gujarat - India
Email: unlimitedsource2010@gmail.com, kssource@gmail.com

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫

**If not delivered Pl. return to :**
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001.. BOOK POST

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩